| Class: XII<br>Gujarati<br>Sample Question Paper -Term-II<br>Answer Key. |
|---|

**Code No. 110**

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્ર લિખિત સ્વરૂપે ટૂંકા અને લાંબા પ્રશ્નો પર આધારિત છે.<br>➢ પ્રશ્નપત્ર કુલ 40 ગુણનું હશે. સમયની ફાળવણી 2 કલાકની હશે.<br>➢ વિદ્યાર્થીઓએ પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓને ધ્યાનથી વાંચવી. | ➢ This question paper is based on written short and long questions.<br>➢ The question paper shall be of total 40 marks. Time provided shall be 2Hrs.<br>➢ Students should read carefully the instructions given in the question paper. |
| ➢ પ્રશ્નપત્રને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ સાહિત્ય વિભાગ- ગદ્ય-પદ્ય તેમજ કવિ/લેખક પરિચય સાથે... (૨૦ ગુણ)<br>➢ લેખનકાર્ય.(૨૦ ગુણ)<br>➢ આપેલી સૂચના પ્રમાણે પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ કુલ ગુણ- ૪૦ | ➢ The question paper is divided into two sections.<br>➢ Literature-including Poet/Author introduction (20 Marks)<br>➢ Writing Skill (20 Marks)<br>➢ Question and answer should be written as per the giver instructions.<br>➢ Total Marks = 40 |
| | |

# ગુજરાતી

## ધોરણ-XII (110)

સમય – ૨ કલાક — કુલ ગુણ :૪૦

Time: 2 Hrs. — M.M. :40

## (Literature)

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણવિભાજન |
|---|---|---|---|
| | | **(Literature)** | |
| 1. | (અ) | 1. (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (<u>કોઈપણ બે</u>)<br>1. પંખીઓ વડને શો જવાબ આપે છે? | 2 x 2=4 |

| | | | |
|---|---|---|---|
| | | ઉત્તર: વડલાને પંખીઓએ કહ્યું : 'તારે આશ્રયે ઈંડા ઉછેર્યા, અમે તારા મીઠાં રસદાર ફળો ખાધાં, હવે મરવાનો વારો આવ્યો ત્યારે અમે તમને છોડીને ચાલ્યા જઈએ તો અમે સ્વાર્થી કહેવાય અને વિશ્વાસઘાત કર્યાનું કલંક લાગે.' આમ કહીને પંખીઓ પોતાના પાલનહાર વડલાએ કરેલા ઉપકારને વ્યક્ત કરીને અંત સુધી સાથ ન છોડવા જણાવે છે.<br>(વિષયવસ્તુ – ૧.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫)<br>2. કોની સ્મૃતિથી કવિ વિહ્વળ બને છે? શા માટે?<br>કાલાગ્નિમા વિલીન બનેલી તેમની માતાની સ્મૃતિમાં કવિ વિહ્વળ બને છે. કવિના વતનમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતા ખેતરો, ખંતીલા ખેડૂતોના મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિર પર લહેરાતી ભગવા રંગની ધજા, વહાલી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધુ જ છે પણ તેમની મમતામયી મા નથી એ માટે કવિ બહુ જ દુઃખી છે.<br>(વિષયવસ્તુ – ૧.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫)<br>3. બા ક્યારે રોમાંચ અનુભવે છે? શા માટે?<br>ઉત્તર: બધાં જ બારીબારણાં ખુલ્લાં હોય અને તાજી હવા પ્રસરતી હોય ત્યારે બા રોમાંચ અનુભવે છે. જીવંત વસ્તુઓના ધ્વનિ સાંભળવાનો સવારે પંખીઓનો ટહુકો અને રાત્રે વરસાદનો ધ્વનિ સાંભળવો બાને ગમે છે. બાને ગ્રામ્યજીવન સાથે એક અનોખો નાતો છે માટે વતનથી દૂર રહેવું બા માટે અશક્ય છે.<br>(વિષયવસ્તુ – ૧.૫,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૦.૫) | |
| | (બ) | નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈપણ એક)<br>1. 'વડલો ને પંખીડાં' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.<br>ઉત્તર: કવિ કાગ - આ કાવ્યમાં વડલા અને પંખીઓના રૂપક દ્વારા માનવસંબંધોનો મહિમા - વનમાં આગ લાગી ત્યારે વડલો પોતાની ઉપર માળો બાંધીને રહેતાં પંખીઓને માળો છોડીને જવા કહે -પંખીઓના મીઠાં ટહુકા તે પોતાના હૈયામાં સાચવી રાખશે - પંખીઓ વડલાની આ વાત ન માનવી - 'જેણે આજ સુધી આશરો આપ્યો તેને આમ કપરી પરિસ્થિતિમાં એકલા મૂકીને ચાલ્યા જવું એ તો માત્ર સ્વાર્થ જ કહેવાય - પંખીઓ સાથે મરવાનું, સાથે ઉચાળા ભરવાનું અને સાથે જ ફરીથી જન્મ લઈને વડલા પર માળો બાંધવાનું કહેવું - કાવ્યનો કેંદ્રવર્તી વિચાર 'કપરી પરિસ્થિતિમાં | ૧X3=3 |

પણ અતૂટ લાગણી અને સ્નેહબંધન એકબીજાને  બાંધી રાખે છે. એ મૂલ્યવાન શીખ.

(વિષયવસ્તુ – ૨,
જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

2. ‘વતનાનો તલસાટ’ કાવ્યમાં આલેખાયેલો કવિનો કલ્પાંત.

રમણીક અરાલવાળા લિખિત ‘વતનાનો તલસાટ’ સૉનેટ કાવ્ય - વતનવિરહનો કારમો ઘા - વેદના દેહને નહિ પણ આત્માને વિહ્વળ - સ્મિતના વિચ્છેદનની, વીંછી ડંખની વેદના અભિવ્યક્ત - જન્મભૂમિ જવા પ્રાણ પછાડા નાંખે - મા વછોયું બાળક અને ધણ વછોયું પશુ જેવો તલખાટ અનુભવે લગભગ તેવો જ તલખાટ - જીરવી જીરવાય નહિ, કોઈને કહેવાય નહીં, જરાપણ સહેવાય નહિ એવી વેદનાથી કવિ વ્યગ્ર - ખુદની ત્વચા જાણે પોતાની જાત વડે ઉતરડાતી હોય એવી વેદના - જનમભોમકામાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતા ખેતરો, ખંતીલા ખેડૂતોનાં મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિરો પર લહેરાતી ભગવા રંગની ધજા, વહાલી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધુ જ - મમતામયી કાલગંગામાં વિલીન થયેલી મા જ નથી એ વિચારે કવિની વેદના ચરમસીમાએ - જનની રહિત જનમભૂમિથી અસંતુષ્ટ કવિને જનનીસહિતની વિદેશભૂમિમાં પૂર્ણ પરિતોષ પામવાની ઝંખના

(વિષયવસ્તુ – ૨,
જોડણી, ભાષાશુદ્ધિ-૧)

3. ગ્રામ અને નગર સંસ્કૃતિનો ભેદ કાવ્યના સંદર્ભમાં સમજાવો.

ઉત્તર: ગ્રામ્યસંસ્કૃતિ અને શહેરીસંસ્કૃતિ રહેણીકરણી, પહેરવેશ, ખાણીપીણીમાં એકબીજાથી ભિન્ન - પલટાતી સંસ્કૃતિ અને બદલાતી જીવનશૈલીનું પ્રતિબિંબ મા પોતાના સંતાનોના સુખમાં સુખી અને દુઃખમાં દુઃખી - પોતાની જાતને શહેરી જીવનમાં ગોઠવી શકતી નથી. ગામડામાં કોઈ મહેમાનનું સ્વાગત કરવા આંગણામાં રંગોળી - વાસી ખોરાક ન ખાવો - સ્ત્રીઓ અને પુરુષો પોતાની મર્યાદા સાચવીને રહે - ઘરના બારીબારણાં હવા ઉજાસ માટે ખુલ્લા રહે રોજ રસોઈ બનાવાય પંખીઓ, વરસાદ, સૂર્ય, હવાના સૂસવાટા વગેરે કુદરતી તત્વોને મન ભરીને માણવું - શહેરમાં મુખ્યદ્વાર હંમેશાં બંધ જ હોય - લોકો ફ્રીજમાં સંઘરાયેલું વાસી અન્ન ખાય - પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ- રવિવારે જ રસોઈ કરે- કૃત્રિમ સાધનોને કારણે જીવન યંત્રવત - મનુષ્ય પણ યંત્રવત - લાગણીના સંબંધો અને સામાજિક બંધનો રહ્યા જ નથી.

(વિષયવસ્તુ – ૨,
જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

| | | | |
|---|---|---|---|
| 2. | (અ) | નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈપણ ત્રણ)<br>1. આંબા ઉછેરની પૂંજાની લગની તમારા શબ્દોમાં વર્ણવો.<br>ઉત્તર: જોસેફ મેકવાન લિખિત 'પૂંજા મેજરની લગની' ચરિત્ર નિબંધ- મનુષ્યના વેશ નહિ, કિન્તુ તેના મન વૃત્તિ બદલવા, કેવળ નામ નહિ, કામ બદલવા - પૂંજા મેજરના પાત્ર દ્વારા આલેખન - નોકરીમાંથી નિવૃત્ત - વતન આવીને પૂંજાએ મોટાભાઈ ભવનભાઈની વાત ન માનવી - મસાણ- તળાવની પડતર જમીનમાં આંબા વાવવા - કાળે ઉનાળે જમીનમાં ખાડા ખોદયા છાણ અને માટીના થર દ્વારા છાણિયું ખાતર બનાવ્યું. સારા આંબાના ગોટલા ભેગા કર્યા. રોપા ઉછેર્યા. ત્રણેક વરસાદ પડ્યા પછી રોપા વાવ્યા. પશુ-પક્ષી કે માણસ નુકસાન ન કરે એ માટે અડાબીડ થોરિયા વાવ્યા. અતિ વરસાદને કારણે ખૂબ નુકસાન - ખેડૂતોની જેમ જ પૂંજાએ પણ અત્યંત વેદના - ઉનાળાની ગરમીમાં કાવડમાં પાણી લઈ આવી ને આંબાને સિંચ્યા. છેંતાલીસ આંબા ઉછર્યા ત્યારે તેના હરખનો પાર ન હતો- માતાપિતા પોતાના સંતાનનો ઉછેર કરે એમ કદાચ, એના કરતાં વધારે કાળજીપૂર્વક વૃક્ષોનો ઉછેર કર્યો.<br><br>(વિષયવસ્તુ – ૨,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૧)<br><br>2. મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કેવી રીતે કરી?<br>ઈશ્વર પેટલીકર કર લિખિત 'મોરના ઈંડાં' વાર્તા - મહીજીનું પાત્ર એક અનોખુ વ્યક્તિત્વ - મુનીમજી મહીજીના દીકરાને વળાવિયા તરીકે લઈ આવ્યા - પુત્રની કસોટી કરવા પોતે ડાકુ બનીને પુત્ર બુધો જે ગાડાનું રક્ષણ કરવા ગયો હતો એ જ ગાડાને લૂંટવા રસ્તો રોકીને ઊભો - બુધાને ખસી જવા પડકાર - બુધાએ પણ સામો પડકાર કરીને ચાલ્યા જવા કહ્યું. એમ પણ કહ્યું કે 'અલ્યા બાપુ ! મારું માની જા અત્યારે તું મારો બાપ નથી, હજી શરમ રાખું છું ત્યાં સુધી. નહીં તો જોયા જેવી થશે.' - મહીજી ખડગની પેઠે અડીખમ - બુધા એ પોતાની ફરજની વચ્ચે આવતા પિતા પર તલવારથી પ્રહાર - મહીજી પુત્રની નેકીની કસોટી - પુત્રને શાબાશી - કહ્યું કે 'શાબાશ દીકરા હવે મને ખાતરી થઈ ગઈ છે કે તું મારું નામ નહીં બોળે.' આમ મહીજીએ પોતાના પુત્રની નેકી અને ઇમાનદારીની પરીક્ષા કરી.<br><br>(વિષયવસ્તુ – ૨,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૧) | 3X3 = 9 |

3. સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

ઉત્તર: સૉક્રેટિસ દુનિયાનો મહાન વિચારક - બહુ બુદ્ધિશાળી - લોકોને સદાચાર તરફ વળવા પ્રયાસ - લોકોને એની વાતોમાં રસ પડતો, મધમાખીઓની જેમ લોકો એની આસપાસ વીંટાળતા - સૉક્રેટિસ તેમને સાચો ધર્મ સમજાવતો. આચાર અને વિચારમાં તે પવિત્ર અને સદાચારી - તે એવું માનતો હતો કે 'પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરે તે જ ઉત્તમ માણસ.' - એથેન્સના રાજવહીવટમાં પડેલા લોકોમાં પણ સૉક્રેટિસ ભળતો. તેમની સાથે ધર્મ, રૂઢિ, રીતરિવાજ વિશે ચર્ચા - સ્વતંત્ર અને ઊંડો વિચારક - પ્રામાણિકપણે જે સાચું લાગે તે કહેતો. તે હંમેશા નમ્રપણે કહેતો કે, 'હું અજ્ઞાની છું જ્ઞાન મેળવવા મથું છું. - યુવાવર્ગ સૉક્રેટિસ પર ખૂબ ખુશ - સૉક્રેટિસના વિચારોની એમના પર ખૂબ અસર - એથેન્સના રાજકર્તા ખૂબ અકળાયા. - સૉક્રેટિસ પર યુવાનોને ભડકવવાનો અને નગરદેવતાને ન માનવાનો આરોપ - તેના પર કેસ ચાલ્યો અને રાજદ્રોહના કાયદા હેઠળ સૉક્રેટિસને મોતની સજા. એથેન્સવાસીઓએ એક મહાન પુરુષને ઝેર આપીને દુનિયામાંથી વિદાય કર્યો.

(વિષયવસ્તુ – ૨,
જોડણી, ભાષાશુદ્ધિ- ૧)

4. 'ડાઘ' લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.
ઉત્તર: નરેન બારડ લિખિત 'ડાઘ' લઘુકથામાં સમાજની વરવી વાસ્તવિકતા - સમાજમાં કહેવાતા ડાહ્યા અને સમજુ લોકો લગ્ન જેવા પવિત્ર સંબંધને કેટલા સંકુચિત દૃષ્ટિકોણથી જુએ - જેને કારણે સ્ત્રીઓને ઘણું સહન કરવું પડે - ડૉક્ટર સુનીતા શાહના જે દિવસે લગ્ન થયા એ દિવસે જ તેના કપાળમાં ચાંદલો કરવાની જગ્યાએ જનમથી થયેલાં કોઢના સફેદ ડાઘને કારણે તેના પતિએ તેનો ત્યાગ - આ અપમાન ડૉક્ટર સુનીતાને જીવનભર દુઃખી કરી - સુનીતા શાહના દવાખાને એક બાળકીને લઈને એની માતા આવી - બાળકીની મા ખૂબ ચિંતિત – તે બોલી 'ગમે તેમ તોયે દીકરીની જાત !' સાવ સાચું કહેજો બેન ! - 'ડરવાનું કોઈ કારણ નથી માત્ર વિટામિન -'એ'ની ખામીને કારણે સફેદ છાંટા ઊપસી આવ્યા' આ જવાબ સાંભળીને બાળકીની મા પર જાદુઈ અસર થઈ અને આભારસૂચક નજેરે તે દવાખાનાની બહાર નીકળી - સુનીતા ટેબલ પર માથું ઢાળીને આંખો મીંચીને પોતાના ભૂતકાળની દુઃખદ ઘટનામાં સરી પડી – પોતાની સાથે થયેલો અન્યાય સાંભરી આવ્યો.

| | | | |
|---|---|---|---|
| | | (વિષયવસ્તુ – ૨,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૧)<br><br>5. 'ઢોરાં' લઘુકથા શી માર્મિકતા પ્રગટાવે છે?<br>ઉત્તર: ઈશ્વર પરમાર લિખિત 'ઢોરાં' લઘુકથા - વતનથી દૂર રહેતા સંતાનો એકલા રહેતી માતાની વેદનાને સમજી શકતા નથી - થોડામાં ઘણું એ લઘુકથાનો પ્રાણ - આધુનિકતાને રંગે રંગાયેલા સંતાનોએ માતાને શહેરમાં આવીને વસવાનું કહ્યું - રાજીમા પોતાના ઢોરો સાથે પ્રેમના બંધનમાં - ભોમકાને છોડીને શહેરમાં વસવું એ તેના માટે મુશ્કેલ - છોકરાઓને વતનમાં આંટો દેવા તેડાવાવું - વ્યસ્તતાને કારણે આવી શકતાં નથી - પૈસા મોકલીને પોતાની ફરજ પૂરી કરવી - ઢોરને વેચીને નિરાંતે રહેવાનુ કહ્યું - ઢોરને રાજીમા સાથે માયા - સંતાનોને મા પ્રત્યે ઢોર જેટલી પણ માયા નથી - અંતે ટપાલ લખાવવા ગયેલા રાજીમાએ પત્તું ફાડીને ફેંકી દીધું અને કહ્યું કે, 'ભઈ, હવે તો મારે છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરા.' ફરજ ચૂકેલા સંતાનોને અહીં માર્મિક ટકોર.<br>(વિષયવસ્તુ – ૨,<br>જોડણી, ભાષાશુદ્ધિ- ૧) | |
| | (બ) | નીચેનામાંથી કોઈપણ એક સહિત્યકારનો આશરે દસ-બાર વાક્યોમાં પરિચય આપો.<br>1. દલપતરામ<br>2. મણિશંકર રત્નજી ભટ્ટ<br>લેખક પરિચય :<br>પ્રસ્તાવના પ્રારંભિક પરિચય 1<br>શિક્ષણ – વિશિષ્ટ સિદ્ધિઓ 1<br>સાહિત્ય ક્ષેત્રે પ્રદાન 2 | 1 X 4 = 4 |
| 3. | | **(Effective writing Skill)**<br>નીચે આપેલા વિષયના મુદ્દા પરથી <u>કોઈપણ એક</u> વિષય પર ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો.<br>પ્રસ્તાવના – ૧<br>વિષયવસ્તુ – ૨<br>ભાષા અભિવ્યક્તિ – ૧<br>ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૨<br>ઉપસંહાર -૧<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો... | 1 X 8 = 8 |

| | | | |
|---|---|---|---|
| | | - વિષયની પસંદગી<br>- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ<br>- કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો.<br>- વિષયાંતર થયું છે કે નહિ<br>- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી | |
| 4. | (અ) | તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો:<br>પ્રારંભ - ૧<br>વિષયવસ્તુ – 3<br>ભાષા અભિવ્યક્તિ – ૧<br>ભાષા શુદ્ધિ અને વાક્યરચના- ૧<br>અહેવાલલેખન લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :<br>1. અહેવાલના વિષયને સમજી કાચી રૂપરેખા બનાવો.<br>2. ઘટનાક્રમ જાળવો.<br>3. મહત્ત્વની બાબતો રહી ન જાય તેનું ધ્યાન રાખો.<br>4. કોઈપણ ઘટના કે હકીકત જેવી બની હોય એવી જ, જરાય અતિશયોક્તિ વિના લખવી.<br>5. અહેવાલમાં તારીખ, સમય, સ્થળ, વ્યક્તિ વિશેષ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ કરો.<br>6. ઘટનાના વણાંક કે તબક્કા મુજબ યોગ્ય ફકરા પાડો.<br>7. અહેવાલની ભાષા શુદ્ધ, સરળ અને આકર્ષક હોવી જોઈએ. | 1 X 6 = 6 |
| | | (બ) નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન<br>સરનામું અને તારીખ- ૧<br>સંબોધન અને અભિવાદન – ૧<br>વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ – 3<br>સમાપન અને લિખિતંગ – ૧<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.<br>પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.<br>પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી.<br>કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે. | 1 X 6 = 6 |